# ભેટ

—આશા વીરેન્દ્ર

કોઈ સ્વપ્ન સુંદરી જેવી મોહક, ચમચમાટ કરતી, નવી-નક્કોર ગાડીને હાથ લગાડતાં હાર્દીકને રોમાંચ થઈ આવ્યો. આ ગાડી એણે ખરીદી લીધી છે, એની પોતાની થઈ ગઈ છે, એ હકીકત હોવા છતાં; એને ગળે વાત નહોતી ઉતરતી. ફરી ફરીને ગાડી પર હાથ ફેરવી રહેલા આ ગ્રાહકને જોઈને, તરવરીયો સેલ્સમેન એની પાસે આવ્યો,

‘સર, આ ગાડીના માલીક બનીને કેવું અનુભવો છો?’

‘અદ્‌ભુત, આ ઘડીએ હું શું અનુભવી રહ્યો છું એ હું શબ્દમાં વર્ણવી શકું એમ નથી.’

‘એની વે, કોંગ્રેચ્યુલેશન્સ, સર; પણ શું હું પુછી શકું કે, આ ગાડી તમે કોઈને ગીફ્ટ કરવાના છો? જો એવું હોય તો અમે અમારા તરફથી સુંદર બુકે અને કેક આપવા માગીએ છીએ.’

‘ગીફ્ટ? હા… એટલે કે ના, એવી કંઈ જરુર નથી. ઈટ્સ ઓ.કે.’

હાર્દીક ઈલેક્ટ્રીસીટી કંપનીમાં એક સામાન્ય ક્લાર્ક તરીકે નોકરી કરતો હતો. હવે રીટાયર થવાને આરે પહોંચ્યો ત્યારે, એ કાર લેવાનું પોતાનું સપનું સાકાર કરી શક્યો હતો. એ આનંદની સાથે સાથે, અત્યારે ગાડી ચલાવતાં ચલાવતાં, એ ઘરે પહોંચ્યા પછીની પરીસ્થીતી વીશે વીચારી રહ્યો હતો.

આટલાં વર્ષોમાં પોતાની પત્ની હેતલને, એ કદી જન્મદીન કે લગ્નદીનની ભેટ નહોતો આપી શક્યો. જો કે, એણે ક્યારેય માંગણી પણ નહોતી કરી. તે છતાં એની ઉદાસ આંખોમાં અપેક્ષા ડોકીયાં કરતી દેખાતી. આજે ગાડી જોઈને હેતલ નવાઈ પામીને કહેશે :

'કોઈને પુછ્યા-ગાછ્યા વીના નવી ગાડી લઈ લીધી? શું જરુર હતી? જીંદગીની અડધી બચત આમાં ખર્ચી નાખી! તમારું કામ તો સ્કુટરથીય ચાલી જાત.'

એની વાત સાવ સાચી; પણ આ ગાડી તો એણે વર્ષો પહેલાં, પોતાની જાતને આપેલું વચન પુરું કરવા લીધી હતી. આજે પણ એ દીવસ એની સ્મૃતીમાં એવો ને એવો અકબંધ હતો.

પોતે કદાચ બારેક વર્ષનો હતો. સાંજના સમયે શાળામાંથી આપેલું લેસન કરી રહ્યો હતો.

પપ્પા પણ મીલમાંથી આવી ગયા હતા. મમ્મી સાંજની રસોઈની તૈયારી કરી રહી હતી ને અચાનક જ પસીનાથી લથબથ થઈ, બહાર આવી મમ્મી સોફા પર ફસડાઈ પડેલી.

'મને બહુ ગભરામણ થાય છે. સહન નથી થતું. જલદી કંઈક કરો...' બહુ કષ્ટપુર્વક એ બોલી હતી. પપ્પા આકળ-વીકળ થઈ ગયા હતા.

'હાર્દીક, આ તો હાર્ટ એટેક લાગે છે. મમ્મીને તાબડતોબ હૉસ્પીટલ લઈ જવી પડશે. તું દોડ. સામેના બંગલામાં રહેતા ખન્ના સાહેબ પાસે મોટર છે. એમને વીનંતી કર કે તારી મમ્મીને લઈ જવા મોટર આપે.'

ત્યારે તો ઘરે ઘરે ફોન પણ નહોતા ને આજની જેમ સહેલાઈથી એમ્બ્યુલન્સ પણ ન મળી શકતી. બાવરો બાવરો એ પહોંચ્યો, ત્યારે ખન્ના સાહેબ ગાડીમાં બેસવા જતા હતા. આંખોમાં આંસુ સાથે એણે વાત કરી. એ સાંભળીને એમણે કહેલું,

'વેરી સૉરી, આય એમ ગેટીંગ લેટ. મારે અગત્યની મીટીંગ છે.' પછી ગાડીનું બારણું જોરથી પછાડતાં ડ્રાઈવરને કહેલું, 'ગાડી એમ. જી. રોડ પર લઈ લે.' પછી ધીમેથી બબડેલા, 'ભીખારી સાલ્લા...!'

એમના છેલ્લા શબ્દો તીક્ષ્ણ કટારીની માફક એનાં હૈયામાં ખુંપી ગયા હતા. ઘરે પહોંચ્યો ત્યારે તરફડતી મમ્મી પાસે લાચાર થઈને બેઠેલા પપ્પાના ચહેરા સામે જોઈને એણે મનોમન ગાંઠ વાળી હતી –'હું એક દીવસ ગાડી લઈશ પપ્પા, તમારે માટે.'

પછી તો પપ્પાના મનમાં, કશું ન કરી શક્યાનો વસવસો મુકીને મમ્મી જતી રહી હતી. હાર્દીક વારંવાર પોતાની જાતને યાદ દેવડાવ્યા કરતો હતો - 'ગાડી લેવી છે, પપ્પા હયાત છે ત્યાં સુધીમાં.. ગાડી લેવી છે.'

આજે ગાડી ભલે લેવાઈ હોય; પણ એ જાણતો હતો કે ઘણું મોડું થઈ ગયું છે. હેતલની એમના પ્રત્યેની ગમે તેટલી લાગણી અને કાળજી છતાં; પપ્પા પોતાની ઉદાસીમાંથી બહાર નહોતા આવી શક્યા. પહેલેથી જ ઓછાબોલા પપ્પાને, પેરેલીસીસનો એટેક આવ્યા પછી, હવે એ બીલકુલ બોલી નહોતા શકતા. ઈશારાથી કામ ચલાવતા અને પોતાના રુમમાંથી ભાગ્યે જ બહાર નીકળતા.

પપ્પાને પાછલી સીટ પર બેસાડીને, પોતે પાછળ બેસતાં હેતલે પુછ્યું,

'તમને ગાડી ચલાવવી ફાવશે? પ્રેક્ટીસ નથી તે...'

ડ્રાઈવીંગ લાયસંસ કાઢીને બતાવતાં એણે કહ્યું,

'ગાડી લેવાની ઈચ્છા અને લાયસન્સ – બન્નેને મેં સતત જીવંત રાખ્યાં છે. ડ્રાઈવીંગ કરવામાં જરાય વાંધો નહીં આવે. તું ચીંતા કર્યા વગર બેસી જા.'

હેતલને હતું કે એ સૌથી પહેલાં મંદીર તરફ ગાડી લેશે; પણ એણે તો જુના ઘરના રસ્તે થઈને, ખન્ના સાહેબના બંગલા સામે ગાડી ઉભી રાખી! બંગલો હવે સાવ ખંડેર થઈ ગયો હતો. એમાં કોઈ રહેતું હશે કે નહીં, કોણ જાણે? એણે પપ્પા સામે નજર કરીને પુછ્યું,

'પપ્પા, આપણે ક્યાં આવ્યાં, ખ્યાલ આવે છે? આ આપણી જુની ચાલી ને આ સામે દેખાય છે એ પેલા ખન્ના સાહેબનો બંગલો. યાદ આવે છે?'

પણ એમની આંખોમાં ઓળખાણનો કોઈ અણસાર ન દેખાયો. જરાક નીરાશ થવા છતાં; હાર્દીકે પેન ડ્રાઈવ નાખીને ટેપ રેકોર્ડર ઑન કર્યું. પપ્પાને ખુબ ગમતું ગીત ગુંજી ઉઠ્યું :

'ઈતની શક્તી હમે દેના દાતા, મનકા વીશ્વાસ કમજોર હો ના;

હમ ચલે નેક રસ્તે પે હમસે, ભુલ કર ભી કોઈ ભુલ હો ના.'

એકાએક એની નજર ગઈ તો એણે જોયું કે, પપ્પાની આંગળીઓ ગીત પર તાલ દેવાની કોશીશમાં ધીમું ધીમું હલી રહી છે. એની આંખોમાં ખુશીનાં આંસુ આવી ગયાં. એણે હેતલને કહ્યું,

'હેતલ હવેથી રોજ હું ઑફીસેથી આવું, પછી આપણે પપ્પાને લઈને ફરવા નીકળીશું અને ગાડીમાં એમને મનગમતાં ગીતો સંભળાવીશું.' પછી એ સ્વગત બોલ્યો, 'ના ના, બહુ મોડું નથી થયું, ગાડી લેવાનું લેખે લાગ્યું છે.'

('સતરુપા સીંહા રૉય'ની અંગ્રેજી વાર્તાને આધારે)

–આશા વીરેન્દ્ર

(તા. 01-11-2019ના 'ભુમીપુત્ર' પાક્ષીકમાં છેલ્લે પાને પ્રકાશીત થયેલી આ વાર્તા, લેખીકાબહેનની અનુમતીથી સાભાર.. ..ઉ.મ..)

સર્જક–સમ્પર્ક :

આશા વીરેન્દ્ર, બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર, વલસાડ- 396 001 Phone : 02632-251 719 Mobile : 94285 41137 eMail : avs_50@yahoo.com

♦●♦

## આવી ટચુકડી વાર્તાઓની ઈ.બુક

તમને આવી નાનકડી, માત્ર **750** શબ્દોની મર્યાદામાં રચાયેલી વાર્તાઓ વાંચવાનો શોખ
હોય તો તમારે માટે એક શુભ સમાચાર છે. **2005**થી પ્રકાશીત થતી આ 'સ.મ.'માં આવી વાર્તાઓ, બહુ વખાણાઈ અને વીશેષ આદર પણ પામી છે.
અમે તેવી પચીસ વાર્તાની એક રુપકડી ઈ.બુક બનાવી છે.. તમને તે જોવા–વાંચવાનો ઉમળકો થાય તો, *તમારું પુરું નામ, સરનામું અને કૉન્ટેક્ટ નંબર લખીને જ*, મને ઈ.મેલ લખજો.. *(વૉટ્સેપ મારફત તે મોકલી શકાય તેમ નથી તેથી..)*
તમને તે મોકલી આપીશ.. ..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

અથવા

https://www.aksharnaad.com/downloads/

ઉપરથી **71**મી બુક ડાઉનલોડ કરજો. બીજાંય ઘણાં પુસ્તકો ત્યાંથી મળશે.

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: સોળમું – અંક: 455 –June 21, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited :
http://www.gujaratilexicon.com ?

More than 3,87,60,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,68,24,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,21,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,41,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@